જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૫/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૮૩૩/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૧/૦૫/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૪૬૪	૨	૧૧૪૬૬	૧૭૫૮૩	૨	૧૭૫૮૫
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૮૧	૦	૮૧	૨૯૫	૦	૨૯૫
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૪૪૬૬૭	૩૫૪	૪૫૦૨૧	૪૫૫૩૨	૩૪૨	૪૫૮૭૪
કુલ		૬૦૯૨૦	૩૫૬	૬૧૨૭૬	૬૯૬૫૩	૩૪૪	૬૯૯૯૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૪૬	૧,૫૨,૯૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૮૮૮	૧૮,૮૮,૦૦૦/-

ધી ગુજરાત મની લેન્ડર્સ એકટના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન :

નાણા ધીરધારના લાયસન્સ વગર ઉચાં વ્યાજે નાણા આપી ઉઘરાણી કરવા બળજબરી કરી તથા ધમકીઓ આપતા ઇસમોને પકડી પાડતો ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

મે.પોલીસ કમિ.સા.શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિ.સા.શ્રી સેક્ટર-૦૧ તથા નાયબ પોલીસ કમિ.સા.શ્રી ઝોન-૩ તથા મદદનીશ પો.કમિ.સા.શ્રી "ઇ" ડીવીજન નાઓ તરફથી ગેરકાયદેસર રીતે ઉચાં વ્યાજે નાણાંનુ ધીરાણ કરી ધાક-ધમકી અને બળજબરી કરી ત્રાસ આપી નાણાંની વસુલાત કરતા વ્યાજખોર ઇસમો સામે સખત કાયદેસરના પગલાં લેવા સુચના કરેલ હોય જે બાબતે અત્રેના પોલીસ સ્ટેશન ખાતે ફરીશ્રીએ કરેલ રજુઆત આધારે પોલીસ ઇન્સ્પેકટર એસ.જે.બલોચ સા.શ્રી ના માર્ગદર્શન હેઠળ અત્રેના પો.સ્ટે ગુ.ર.નં. A-૧૧૧૯૧૦૨૧૨૧૦૭૩૧/૨૦૨૧ ધી ઇ.પી.કો. એકટ કલમ ૧૨૦(બી), ૩૮૬, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૫૦૭, તથા ધી ગુજરાત મની લેન્ડર્સ એકટ ૨૦૧૧ ની કલમ. ૪૦,૪૨ મુજબ ગુન્હો દાખલ કરવામાં આવેલ. જે ગુન્હાના કામે સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ વી.એન.શીંગરખીયા તથા સ્ટાફના માણસોએ ટીમવર્ક કરી આરોપી નામે નં-(૧) સોહેલખાન યુનુસખાન પઠાણ ઉ.વ.૩૨ તથા નં-(૨) અબરારખાન યુનુસખાન પઠાણ ઉ.વ.૨૮ તથા નં-(૩) ઉવેશખાન યુનુસખાન પઠાણ ઉ.વ.૩૩ તથા નં-(૪) ફરહાનખાન યુનુસખાન પઠાણ ઉ.વ.૨૮ તથા નં-(૫) તબરેજખાન યુનુસખાન પઠાણ ઉ.વ.૨૪ તમામ રહે. મ.નં.૩૮૬૧ મોટા બંબા પાનવાળી ગલી કાજીના ધાબા જમાલપુર અમદાવાદ શહેર નાઓને શોધી કાઢી તેઓના ઘરે ઝડતી તપાસ કરતાં તેઓએ ફરી.શ્રી પાસેથી લીધેલ બેંકના કોરા ચેકો તેમજ અન્ય પુરાવાઓ મળી આવતાં કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ તેમજ ઝડતી તપાસ દરમ્યાન તેઓના ઘરેથી છ તલવારો અને એક ફરસી મળી આવેલ જે ગેરકાયદેસર હથીયારો રાખવા સબબ અલાયદી ફરીયાદ કરી સદરી ઇસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી આમ જનતામાં વિશ્વાસનું વાતાવરણ ઉભુ કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.



જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

રામોલ પોલીસ સ્ટેશન :

રોકડા રૂપિયા ૩૮,૧૫૦/- તથા અલગ અલગ કંપનીના મોબાઈલ ફોન નંગ:૦૪ તથા ચાર(૪) ટુ વ્હીલર મળી કુલ કિંમત રૂપીયા ૧,૦૨,૧૫૦/- ના મુદ્દામાલ સાથે આઠ (૮) ઈસમો ઝડપાયા

મે.પો.ક.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમીશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પો.ક.શ્રી "આઈ" ડીવીઝન સાહેબની સુચના મુજબ તેમજ પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ આજરોજ તારીખ:૧૧/૦૫/૨૦૨૧ ના રોજ પો.સ.ઈ બી.બી.સોલંકી તથા સ્ટાફના માણસો સાથે દારૂ જુગારની પ્રવુર્તીઓ અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ પો.સ્ટે વીસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.સ.ઈ બી.બી.સોલંકી નાઓને મળેલ સંયુક્ત બાતમી આધારે રામોલ વસ્ત્રાલ મહાદેવનગર પાસે ઉત્સવ બંગ્લોઝ માં આવેલ મકાન નં.૧૭ માં પંચો સાથે રેડ કરતા આરોપીઓ નં.(૧) રાજેશભાઇ બળદેવભાઇ પટેલ ઉવ:૩૧ રહે:ડી/૩૦૪ સત્યનારાયણ હીલ ઉત્સવ સીટી પાસે મહાદેવનગર હાલ રહે:મ.ન.૧૭ ઉત્સવ બંગ્લોઝ મહાદેવનગર વસ્ત્રાલ અમદાવાદ તથા નં.(૨) વિષ્ણુભાઇ અમ્રુતભાઇ પટેલ ઉવ:૪૫ રહે:મ.ન.૦૮ સહજાનંદ બંગ્લોઝ તક્ષશિલા સ્કૂલ રોડ અર્બુદાનગર ઓઢવ અમદાવાદ શહેર તથા નં.(૩) મેહુલભાઇ ગોવિંદભાઇ પટેલ ઉવ:૩૦ રહે:ઈ/૧૦૩ ઉત્સવસીટી ૦૨ મહાદેવનગર વસ્ત્રાલ અમદાવાદ શહેર તથા નં.(૪) પ્રવિણભાઇ પરશોત્તમભાઇ પટેલ ઉવ:૫૧ મ.ન.બી/૨૦૭ ગેલેક્ષી ઓપન માધવ હોમ્સ પાસે વસ્ત્રાલ અમદાવાદ શહેર તથા નં.(૫) પ્રવિણભાઇ જ્યંતીભાઇ પંચાલ ઉવ:૪૬ રહે:મ.ન.૨૪ મનહર ડુપ્લેક્ષ માણેકબાગની બાજુમાંવસ્ત્રાલ અમદાવાદ તથા નં.(૬) મનશુખભાઇ કેશવલાલ પટેલ ઉવ:૫૯ રહે:મ.ન.૮૬ મંગલતિર્થ સોસાયટી અર્બુદાનગર પાસે ઓઢવ અમદાવાદ શહેર તથા નં.(૭) નિરજભાઇ મદનભાઇ રાજપુત ઉવ:૩૪ રહે:મ.ન.૬૪૭ આનંદનગર રો હાઉસ અર્બુદાનગર ઓઢવ અમદાવાદ તથા નં.(૮) ઇશ્વરભાઇ છગનલાલ સતવારા ઉવ:૬૬ રહે:મ.ન.૨૨ શક્તિ ધારા સોસાયટી પાણીની ટાંકી સામે અર્બુદાનગર ઓઢવ અમદાવાદ નાઓને પૈસા પાનાથી હાર જીતનો જુગાર રમી રમાડતા ગંજી પાના નંગ:૫૨ તથા રોકડા નાણા રૂપીયા ૩૮૧૫૦/- તથા મોબાઈલ ફોન નંગ:૦૪ તથા ટુ વ્હીલર નંગ:૦૪ મળી કુલ્લે કીમત રૂપીયા ૧૦૨૧૫૦/- ના મુદ્દામાલ સાથે પકડી તમામ આરોપીઓ વિરૂધ્ધ ધી જુગાર ધારા ૪ ,૫ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૮૩૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૫ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી, ૬૯ લીટર દેશી દારૂ, ૭૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૭૦ ક્વોટર ઇંગ્લીશ દારૂ અને ૪૮ બીયરટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૨,૫૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૮૩૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :- **સમાચાર યાદી નં.૮૩૬/૨૦૨૧**

નરોડા : ઉર્મિલાબહેન વા/ઓ સંદીપભાઇ સોલંકી (ઉ.વ.૫૪) (રહે.ગણેશવાટીકા સધીમાતાના મંદિર પાસે, નવા નરોડા) તા.૧૧/૦૫/૨૦૨૧ સવારના ૭/૪૫ વાગ્યાના સુમારે નરોડા સપ્તક વિહાર ની બાજુમાં મ્યુનીસીપાલટીના પ્લોટ પાસે રોડ ઉપરથી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાઈકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) એ ભેગામળી ઉર્મિલાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ઉર્મિલાબહેન સોલંકીએ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

આત્મહત્યા :- **સમાચાર યાદી નં.૮૩૭/૨૦૨૧**

ઘાટલોડીયા : કાંતીભાઇ કનૈયાલાલ યાદવ (ઉ.વ.૨૩)(રહે.પંચાલનગર સોસાયટી, ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૫/૨૦૨૧ સવારના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે ઝેરી દવા પી લેતા, શરીરે અસર થતા સારવાર અર્થે તેમને સોલા સિવિલ હોસ્પીટ્લ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૦૫/૨૦૨૧ સવારના ૯/૦૦ વાગે ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શૈલેષભાઇ દલસંગભાઇ ચલાવે છે.

દાણીલીમડા : અતીફા બસીરભાઇ ચૌહાણ (ઉ.વ.૨૫)(રહે.ઝૈદ ડુપ્લેક્ષ, અલમહમદી સોસાયટી, દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૭/૦૫/૨૦૨૧ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે દાણીલીમડા ચાર રસ્તા શેખાવટી ફ્લેટ ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ લેતા, સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પીટ્લ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૦૫/૨૦૨૧ ના કલાક ૫/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ઓ.ભરવાડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી